રાજ્ય પરીક્ષા બોર્ડ દ્વારા લેવાયેલ જુનિયર ક્લાર્ક ની પરિક્ષા અંતર્ગત તલોદ તાલુકામાં ૧૩ પરિક્ષા કેન્દ્રો પર ચુસ્ત બંદોબસ્ત વચ્ચે પરિક્ષા યોજાઈ હતી તલોદ તાલુકા ના તમામ કેન્દ્રો પર શાંતિપૂર્ણ રીતે પરિક્ષા સંપન્ન થઈ ગઈ હતી.

અરવલ્લીમાં ૭૦૦૨ ઉમેદવારોએ જુનિયર ક્લાર્ક પરીક્ષા આપી

અરવલ્લી જીલ્લાના ૫૩ પરીક્ષા કેન્દ્ર પર ચુસ્ત પોલીસ બંદોબસ્ત વચ્ચે યોજાયેલ જુનિયર ક્લાર્કની પરીક્ષામાં ૧૬૦૦ કર્મચારીઓ ખડેપગે રહ્યા : ઉમેદવારોને પેપર લેન્ધી લાગ્યું તો કેટલાક ઉમેદવારોએ પેપર અપેક્ષા કરતા સારું હોવાનો એકરાર

ગુજરાતમાં સરકારી ભરતી એજન્સી દ્વારા કરવામાં આવતી ભરતી પરીક્ષાના પેપર ફૂટવાની સતત ઘટનાઓ બની હતી જુનિયર ક્લાર્ક ની પરીક્ષાના પેપર ફૂટ્યાના બે મહિના બાદ રવિવારે ફરીથી યોજાયેલ જુનિયર ક્લાર્કની પરીક્ષામાં ઉમેદવારોમાં ભારે નીર ઉત્સાહ જોવા મળ્યો હોય તેમ અરવલ્લી જીલ્લામાં જુનિયર ક્લાર્કની પરીક્ષામાં ૫૮ ટકાથી વધુ ઉમેદવારો ગેર હજાર રહ્યા હતા જીલ્લા વહીવટી અને પોલીસતંત્રએ જુનિયર ક્લાર્કની પરીક્ષા શાંતિપૂર્ણ માહોલમાં કોઈ પણ પ્રકારના વિઘ્ન વગર પૂર્ણ થતા હાશકારો અનુભવ્યો હતો

જુનિયર ક્લાર્કની રવિવારે યોજાયેલ પરીક્ષામાં અરવલ્લી જીલ્લામાં ૫૩ પરીક્ષા કેન્દ્રો પર ૧૬૮૬૦ પરીક્ષાર્થીઓ પરીક્ષા આપવાના હોવાથી તંત્રએ પરીક્ષા શાંતિપૂર્ણ માહોલમાં સંપન્ન થાય તે માટે ૧૬૦૦ થી વધુ સ્ટાફ પરીક્ષા કેન્દ્રો પર તૈનાત કર્યો હતો જો કે જુનિયર ક્લાર્કની પરીક્ષામાં ૧૬૮૬૦ પરીક્ષાર્થીઓ માંથી ૭૦૦૨ ઉમેદવારોએ પરીક્ષા આપી હતી જયારે ૯૮૫૮ પરીક્ષાર્થીઓ પરીક્ષા આપવાથી દૂર રહ્યા હતા જીલ્લામાં જુનિયર ક્લાર્કની પરીક્ષામાં ૫૮ ટકાથી વધુ પરીક્ષાર્થીઓ ગેર હાજર રહ્યા હતા

પાલનપુર પોલીસે ૨૭૩ ઘેટા-બકરાંને બચાવ્યા

બચાવેલા પશુઓ ને ડીસા-કાંટ પાંજરાપોળને સોંપ્યા

પાલનપુર તા.૯

પાલનપુર શહેર પશ્ચિમ પોલીસે કતલખાને લઈ જવાતા ઘેટા બકરાઓને બચાવી ડીસાની કાંટ રાજપુર પાંજરાપોળને સોંપ્યા છે. પાંજરાપોળના સંચાલકોએ તાત્કાલિક ઘાસચારા અને પાણીની વ્યવસ્થા કરી ઘેટા બકરાઓને સારવાર આપી હતી.આ અંગે વધુ વિગતો આપતાં અમારા બનાસકાંઠા જિલ્લાના સંવાદદાતા હરેશ જી.જોષી પાલનપુર નો અહેવાલ જણાવે છે કે,

પાલનપુર શહેર પશ્ચિમ પોલીસે મોડી રાત્રે કતલખાને લઈ જવાતા ઘેટા બકરાઓને બચાવ્યા છે. જેમાં એક ટ્રકમાંથી ૫૬ ઘેટા અને ૨૧૩ બકરા મળી આવ્યા હતા. જેથી પોલીસે ૨૭૩ ઘેટા બકરાને જપ્ત કરી ટ્રક ચાલક સામે પશુ તરફ ઘાતકી વર્તન અટકાવાના કાયદાની કલમ ૧૧-૧ ઘ,ચ,ડ થતા પશુ સંરક્ષણ અધિનિયમ કલમ ૫,૬ અને ૭ મુજબ ગુનો મુજબ ગુનો નોંધી તપાસ હાથ ધરી હતી. જયારે કતલખાને લઈ જવાતા ૨૭૩ ઘેટા બકરાને બચાવી દેખરેખ માટે રાજપુર કાંટ પાંજરાપોળને સોંપ્યા હતા. પાંજરાપોળના સંચાલકો અને જીવદયાપ્રેમી મયુર ચોકસી, વિપુલ જોશી, ચૈતય શાહ, પરેશ પંચાલ સહિત જી ટીમે મોડી રાત્રે તાત્કાલિક ધોરણે પાણી અને ઘાસચારાની વ્યવસ્થા કરી હતી. તેમજ તમામ ડોક્ટરની ટીમ બોલાવી ઘેટા બકરાને સારવાર આપી હતી.

રબારીયા ગામની સીમમાંથી મળેલા મૃતદેહનો ભેદ ઉકેલાયો

યુવકના મર્ડર કેસના ૨ આરોપીઓ ઝડપાયા

પાલનપુર તા.૯

અમીરગઢ તાલુકાના રબારીયા ગામની સીમમાંથી મળેલા અજાણ્યા મૃતદેહનો ભેદ ઉકેકવામાં પોલીસને સફળતા મળી છે. સામાન્ય બોલાચાલીમાં રબારીયા ગામના યુવકની હત્યા થઈ હતી. જેનો ભેદ ગણતરીના દિવસોમાં ઉકેલતા બનાસકાંઠા પોલીસે ૨ આરોપીઓને ઝડપી લઈ વધુ તપાસ હાથ ધરી છે.આ અંગે વધુ વિગતો આપતાં અમારા બનાસકાંઠા જિલ્લાના સંવાદદાતા હરેશ જી.જોષી પાલનપુર નો અહેવાલ જણાવે છે કે,ગત ૪ માર્ચે અમીરગઢ તાલુકાના રબારીયા ગામના સાબુભાઈ રાઠોડ નામના યુવકની હત્યા કરેલો મૃતદેહ રબારીયા ગામની સીમમાંથી મળી આવ્યો હતો. જોકે ત્યારબાદ અમીરગઢ પોલીસે મૃતદેહને અમીરગઢ પીએમ ખાતે મોકલી અને ગુનાની તપાસ હાથ ધરી હતી. જિલ્લા પોલીસ વડાએ એલસીબી, એસઓજી અને અમીરગઢ પોલીસની ત્રણ ટીમો બનાવી અને આ હત્યાની તપાસ સોંપી હતી. જોકે, પોલીસને બે જ દિવસમાં હત્યારાઓને પકડી પાડવામાં સફળતા મળી હતી. પોલીસે હત્યા કેસમાં ટેક્નિકલ સર્વેલન્સ અને હ્યુમન સર્વલન્સના આધારે ગુણનો ભેદ ઉકેલતા દેવાભાઈ રાઠોડ રહે.રબારીયા

અને દેવાભાઈ ગલબા ભાઈ બુંબડિયા રહે. દાંતા ગામના બે ઈસમોની ધરપકડ કરી હતી. સમગ્ર ઘટના જોઈએ તો રબારીયા ગામમાં ચાર માર્ચેદેવાભાઈ ગલબા ભાઈ રાઠોડ અને દેવાભાઈ ભીખાભાઈ તથા અન્ય લોકો તેમના ખેતરમાં ઘઉં કઢાવવાનું કામ કરતા હતા. જોકે, મૃતક સાબુભાઈ રાઠોડ ત્યાં આવી અને ઘઉં કઢાવવાના કામમાં વિક્ષેપ પડાવતા આરોપીઓ અને મૃતક વચ્ચે બોલાચાલી થઈ હતી. જેને લઈને આરોપીઓ ઉશ્કેરાઈ ગયા હતા અને મૃતક સાબુભાઈ ને કુહાડી અને લાકડીના માર મારી અને હત્યા કરી મોત નિપજાવી અને ફરાર થઈ ગયા હતા. જે હત્યા કેસનો ભેદ ઉકેલી પોલીસે ૨ આરોપીઓને દબોચી લઈ વધુ તપાસ હાથ ધરી હોવાનું જિલ્લા પોલીસ વડા અક્ષયરાજ મકવાણાએ જણાવ્યું હતું.

અંબાજીમાં કારની ટકકરે ઘવાયેલ યુવકનું સારવાર દરમ્યાન મોત

ફરાર કાર ચાલક વિરુદ્ધ ગુનો દાખલ

અંબાજી, તા.૯

ગઈ તારીખ ૧/૪/૨૦૨૩ના સાંજે જગાભાઈ પરમાર નામનો યુવક અંબાજીમાં આવેલા કામાક્ષી મંદિર જોડેથી હાઈવે ક્રોસ કરીને ઘર તરફ જતો હતો. ત્યારે હડાદ તરફથી પુરઝડપે આવેલી કારે રોડ ક્રોસ કરતાં જગાભાઈને ટક્કર મારી હતી.જેથી તેને માથાના ભાગે ઈજાઓ પહોંચી હતી.જ્યારે કાર ચાલક ટક્કર મારી ઘટના સ્થળેથી ફરાર થઈ ગયો હતો. ઘટનાની જાણ ઈમરજન્સી ૧૦૮ ને થતા ૧૦૮ મારફતે અંબાજીની સિવિલ હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવ્યા હતા. ત્યારે ગંભીર ઈજાઓ થતા તેમને વધુ સારવાર અર્થે પાલનપુર ખસેડવાની જરૂરત પડી હતી. પરંતુ પાલનપુર લઈ જતા ઈજાગ્રસ્ત જગાભાઈનું મૃત્યુ થયું હતું. કાર અકસ્માતમાં મૃત્યુ પામેલા જગાભાઈના પિતાએ ગઈકાલે તારીખ ૮/૪/૨૦૨૩ના રોજ અંબાજી પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી છે.

પ્રાંતિજ ખાતે સત્યાગ્રહ કરી રહેલ કોંગ્રેસના ૧૭ કાર્યકરોની અટકાયત

રાહુલ ગાંધીના સસ્પેન્સ મામલે સત્યાગ્રહ કાર્યક્રમો યોજાયા : પ્રાંતિજ પોલીસ દ્વારા અટકાયત કરવામા આવી

પ્રાંતિજ તા.૯

સાબરકાંઠા જિલ્લા ના પ્રાંતિજ ખાતે જય ભારત સત્યાગ્રહ કાર્યક્રમ કરી રહેલ કોંગ્રેસ ના ૧૭ કાર્યકરોની પ્રાંતિજ પોલીસ દ્વારા અટકાયત કરી હતી. કોંગ્રેસના પૂર્વ અધ્યક્ષ અને સાંસદ રાહુલ ગાંધીને સંસદમાંથી સસ્પેન્સ કરી તેવોનુ સભ્ય પદ છીનવાઈ જતા ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિ દ્વારા વિવિધ રીતે વિરોધ કરવામા આવી રહ્યા છે. ત્યારે ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિ દ્વારા વિવિધ જિલ્લાઓ તથા તાલુકાઓમા કાર્યક્રમ યોજાઈ રહ્યા છે. ત્યારે પ્રાંતિજ ખાતે પણ કોંગ્રેસ શહેર સમિતિ તથા તાલુકા સમિતિ દ્વારા ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિ આદેશ મુજબ જય ભારત સત્યાગ્રહ કાર્યક્રમ યોજવામા આવે છે.

ત્યારે પ્રાંતિજ ભાંખરીયા બસસ્ટેશન ખાતે શહેર તથા તાલુકા મંડલ દ્વારા સત્યાગ્રહ કાર્યક્રમો યોજયો હતો. જેમા કાર્યક્રમ જેમા પ્રાંતિજ પોલીસ દ્વારા વિરોધ કરી રહેલ ૧૭ કોંગ્રેસ કાર્યકરોની અટકાયત કરવામા આવી હતી. જેમા કાર્યકારી જિલ્લા પ્રમુખ ભરતસિંહ, જિલ્લાના વિરોધ પક્ષના નેતા પ્રભાતસિંહ, રેખાબેન સોલંકી, કોંગ્રેસ તાલુકા પ્રમુખ કૌશિકભાઇ પટેલ, કોંગ્રેસ શહેર પ્રમુખ ચિરાગભાઈ પટેલ, પૂર્વ તાલુકા પ્રમુખ બેચરસિંહ રાઠોડ, સંજયભાઈ પટેલ સહિત કોંગ્રેસ કાર્યકરો આગેવાનો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા અને વિરોધ કર્યો હતો.

પ્રાંતિજ નેશનલ હાઈવે આઠ બ્રીજનું કામ બંધ રહેલા વાહન ચાલકો પરેશાન

બ્રીજની બન્ને સાઇડમા ખાડાઓ પડતા વાહન ચાલકો પરેશાન : બ્રીજનુ કામ ઝડપથી થાય તેવી નગરજનો વાહન ચાલકોની માંગ

પ્રાંતિજ તા. ૯

સાબરકાંઠા જિલ્લા ના પ્રાંતિજ નેશનલ હાઈવેઆઠ ઉપર બની રહેલ બ્રીજ નુ કામ છેલ્લા કેટલાય સમય થી બંધ રહેતા રહીશો નગરજનો સહિત વાહન ચાલકો પરેશાન રજુઆત બાદ પણ પરિસ્થિતિ જૈસે થેની.

હિંમતનગર-અમદાવાદ નેશનલ હાઈવે આઠ ઉપર સીક્સ લાઈન નુ કામ ચાલી રહ્યુ છે જેમા ચિલોડાથી હિંમતનગર સુધી રોડ ની વચ્ચોવચ અનેક બ્રીજ આવ્યા છે જેમા કેટલાય બ્રીજોનુ કામ પૂર્ણ થયુ છે તો કેટલાક બ્રીજોનુ કામ પૂર્ણ થયુ છે તો કેટલાક બ્રીજો નુ કામ પૂર્ણ થવાને આરે છે ત્યારે પ્રાંતિજ નેશનલ હાઈવેઆઠ ત્રણ રસ્તા પાસે બની રહેલ નવીન બ્રીજ નુ કામ છેલ્લા કેટલાય મહિનાઓથી ખોરંભે પડતા અહી આજુબાજુમા આવેલ સોસાયટી ના રહીશો તથા રોજીદુ અવરજવર કરતા વાહન ચાલકો નગરજનો પરેશાની ભોગવી રહ્યા છે અને બ્રીજ ના કામ ને લઈ ને સાઇડ મા આવેલ સર્વિસ રોડ ઉપર પણ મોટા ખાડા અને ખાડા ખડીયા છે અને ધુળના થર પણ જામ્યા છે ત્યારે અહીથી રોજીદુ અવરજવર કરતા વાહન ચાલકો લોકોને અકસ્માત નો ભંય પણ સંતાવે છે તો કામ બંધ રહેતા વાહન ચાલકો ને અવરજવર મા મુશ્કેલીઓ નો સામનો કરવાનો હાલતો વારો આવ્યો છે ત્યારે જવાબદાર તંત્ર દ્વારા આ ખોરંભે પડેલ બ્રીજ નુ કામ ઝડપથી કામ ચાલુ કરે અને બ્રીજ નુ કામ ઝડપી કરી રહીશોને પડતી મુશ્કેલીઓ દુર કરે તેવી માંગ હાલતો ઉઠવા પામી છે

ભોપાનગરમાં અસામાજિક તત્વોએ યુવકને માર મારી ગાડી અને રીક્ષાના કાચ તોડયા

દક્ષિણ પોલીસે હુમલાખોરોની અટકાયત કરી તપાસ હાથ ધરી

ડીસા, તા.૯

ડીસાના ભોપાનગર વિસ્તારમાં સામાન્ય બાબતે બોલાચાલી થતા અસામાજિક તત્વોએ એક યુવકને માર મારી શેરીમાં પથ્થરમારો કરી ઈકો ગાડી અને રીક્ષાના કાચ તોડી આતંક મચાવ્યો હતો. મોડી રાત્રે થયેલી ફરિયાદના આધારે પોલીસે ચાર યુવકોની ધરપકડ કરી છે.

ડીસાના ભોપાનગર ત્રિકમવાડી ખાતે ખાતે રહેતા કમલેશભાઈ બઢિયા છૂટક મજૂરી કરી પોતાના પરિવારનું ગુજરાન ચલાવે છે. બે દિવસ અગાઉ કમલેશભાઈના મહોલ્લામાં ડીસાના રેલવે સ્ટેશન ખાતે રહેતો હિતેશ ઠાકોર એક્ટીવા લઈને આંટાફેરા મારતો હતો. તેઓએ અહીં કેમ ફરે છે ? તેમ કહેતા હિતેશે કમલેશભાઈ સાથે ઝઘડો કર્યો હતો. ત્યારબાદ ગઈરાત્રે કમલેશભાઈ અને તેમનો પરિવાર ઘરમાં સુતા હતા, ત્યારે હિતેશ ઠાકોર તથા રાહુલ ઉર્ફે જેકી ઠાકોર, ભાવેશ પંચાલ, સુનિલ ઠાકોર સહિત અન્ય પાંચ છ શખ્સો હાથમાં ધોકા, લાકડી અને તલવારો લઈને કમલેશભાઈના ઘરમાં ઘૂસ્યા હતા. તેમજ તેમને બહાર કાઢી માર મારી બીજા યુવકોએ પથ્થરમારો કરી શેરીમાં આતંક મચાવ્યો હતો. આ ઉપરાંત પથ્થરમારો કરી તેમજ લાકડી, ધોકા વડે કમલેશભાઈના કાકાના દીકરાની ઈકો ગાડી તેમજ રોડ પર પડેલી રીક્ષાના કાચ તોડી નુકસાન કર્યું હતું. પથ્થરમારો કરી આતંક મચાવતા મહોલ્લાના લોકો એકત્ર થતાં તમામ હુમલાખોરો ધમકી આપી જતા રહ્યા હતા. જે અંગે કમલેશભાઈએ ડીસા દક્ષિણ પોલીસ મથકે ફરિયાદ કરતા પોલીસ રાત્રે જ ઘટના સ્થળે પહોંચી હતી. તેમજ તાત્કાલિક પગલાં લઈ હુમલો કરનાર ચાર શખ્સોની ધરપકડ કરી અન્ય યુવકોની શોધખોળ હાથ ધરી છે.

તલોદ તાલુકાના હરસોલ ખાતે આવેલ ગોવર્ધનનાથજી હવેલી ખાતે ૧૦૧માં પાટોત્સવ ધામધૂમ પૂર્વક ઉજવવામાં આવ્યો હતો. પાટોત્સવના મનોરથી રાજેશકુમાર અમૃતલાલ શાહ પરિવાર તરફથી યોજવામાં આવ્યો હતો. આ પ્રસંગે હરસોલા વૈષ્ણવ સંપ્રદાયના ધર્મગુરુ મધુસૂદનલાલજી તિલકબાવાએ ઉપસ્થિત રહી ધાર્મિક મનનીય પ્રવચન આપ્યું હતું. આ પ્રસંગે ૪૯ વર્ષથી શ્રી ગોવર્ધન નાથજી હવેલી હરસોલ ખાતે મુખિયાજી તરીકે સેવા આપનાર નારાયણ શર્માજીનું તિલક બાવાના હસ્તે સન્માન કરવામાં આવ્યુ હતું. પાટોત્સવમાં પલના નંદ મહોત્સવ ફુલબંગલાનો મનોરથ જેવા વિવિધ મનોરથનું આયોજન કરવામાં આવ્યું હતું. પાટોત્સવને સફળ બનાવવા ટ્રસ્ટી મંડળે ભારે જહેમત ઊઠાવી હતી.

બુટલેગરે નવી બ્રેઝા કારમાં વિદેશી દારૂ ભરી મુહર્ત કર્યું

શામળાજી પોલીસે કારમાંથી ૧.૧૬ લાખનો દારૂ ઝડપ્યો : કાર મુકી બુટલેગર ફરાર

ગાંધીના ગુજરાતમાં બુટલેગરો દારૂ બંધીનો ભરપૂર ફાયદો ઉઠાવી રહ્યા છે બુટલેગરો દારૂની હેરાફેરીમાં લકઝુરિયસ વાહનોનો ઉપયોગ કરી પોલીસની આંખમાં ધૂળ નાખતા હોય છે શામળાજી પોલીસે આશ્રમ ચાર રસ્તા નજીકથી દારૂ ભરેલી ન્યુ બ્રાન્ડેડ બ્રેઝા કારનો પીછો કરી ગુણિયાકુવા નજીકથી ઝડપી પાડી કારમાંથી ૧.૧૬ લાખથી વધુનો શરાબ જપ્ત કર્યો હતો બુટલેગર કાર મૂકી ફરાર થઈ જતા પોલીસે કાયદેસરની કાર્યવાહી હાથધરી હતી બુટલેગરની ન્યુ બ્રાન્ડેડ બ્રેઝા કારમાં દારૂની ખેપ મારવાના મુહર્ત પર બ્રેક મારી દીધી હતી. શામળાજી પોલીસે આશ્રમ ચાર રસ્તા પર વાહનોનું ચેકીંગ હાથધરતા ભિલોડા બાજુથી ન્યુ બ્રાન્ડેડ કારને અટકાવવા જતા બુટલેગરે કારનો યુ-ટર્ન મારી કાર ભિલોડા તરફ હંકારી મુકતા પોલીસે દારૂ ભરેલી કારનો પીછો કરતા પોલીસ પકડથી બચવા કાર રોડ પર મૂકી ખેતરોમાં ખોવાઈ ગયો હતો. પોલીસે બિનવારસી કારની તલાસી લેતા કારમાંથી વિદેશી દારૂની બોટલ નંગ-૧૫૮ કીં.રૂ.૧૧૬૩૦૦/- અને કાર મળી રૂ.૬.૧૬ લાખનો મુદ્દામાલ જપ્ત કરી ફરાર કાર ચાલક વિરુદ્ધ પ્રોહિબિશન એક્ટ હેઠળ ગુન્હો નોંધી ઝડપી પાડવા ચક્રો ગતિમાન કર્યા હતા.